EDII

Divya Bhaskar

September 7 , 2020
Pg.No.07
of City Bhaskar

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું

# નેચરલ ફાર્મિંગ માટે યોગ્ય પગલાં જરૂરી છે



સિટી રિપોર્ટર | “આપણી સહેજેય 70 ટકા વસ્તી ગામડાઓમાં રહે છે અને કૃષિ પર નિર્ભર છે. એટલે આપણે આ ક્ષેત્રને ગંભીરતાપૂર્વક લઈએ અને દરેક રીતે નેચરલ ફાર્મિંગને પ્રોત્સાહન આપવા વ્યવસ્થિત પગલાં લઈએ તે જરૂરી છે, આમ કરવાથી ખેડૂતોની આજીવિકામાં વધારો થાય. સ્વસ્થ જીવન અને પર્યાવરણના સંરક્ષણની તમામ વાતો વચ્ચે કૃષિ ક્ષેત્રમાં નેચરલ ફાર્મિંગ ધીમે ધીમે મહત્ત્વપૂર્ણ શાખા બની રહી છે. આ શબ્દો છે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના. EDIIના વાર્ષિક વી.જી.પટેલ મેમોરિયલ લેક્ચર(વર્ચ્યુઅલ)માં તેમણે આ વાત કરી હતી. આ લેકડોચરની સાથે આઈઆઈટીના પ્રોફેસર પ્રદીપ કુમાર મિશ્રા, તેમજ શેર-એ-કાશ્મીર યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચરલ સાયન્સિસ એન્ડ ટેકનોલોજી ઓફ કાશ્મીરના ડેપ્યુટી ડાયરેક્ટર ડો.ફરહાના રસૂલે ઉદ્યોગસાહસિકતાની ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે રૂ.1 લાખ ઈનામમાં મેળવ્યા હતાં. આ એવોર્ડ માટે EDIIને ભારતમાંથી 84 સંસ્થાઓ અને 15 રાજ્યોમાંથી 87 એન્ટ્રી મળી હતી.